# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 03-07-2025 Day: Thursday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## ધોળાવીરા-સાંતલપુર માર્ગ

**ધોળાવીરાથી સાંતલપુર સુધીના રાષ્ટ્રીય ધોરીમાર્ગ-754 K-ના 106.10 કિલોમીટર લાંબા ભાગને 575 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે દ્વિ માર્ગીય કરવાની મંજૂરી અપાઈ છે.**

**કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નિતિન ગડકરીએ આજે સોશિયલ મીડિયા પર માહિતી આપતા જણાવ્યું કે, આ ભાગ કચ્છના રણને જોડતી એક મહત્વપૂર્ણ વ્યૂહાત્મક કડી બનાવે છે.**

**આ પરિયોજના કચ્છના દૂરના અને શુષ્ક વિસ્તારો તેમજ રાજ્યના બાકીના ભાગ વચ્ચે જોડાણમાં સુધારો કરશે અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ-27 પૂર્વ-પશ્ચિમ કોરિડોર સાથે એકીકૃત કરશે. આ પરિયોજના કચ્છમાં ખાસ કરીને યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ ધોળાવીરાના પ્રવાસનમાં નોંધપાત્ર વધારો કરશે. આ ઉપરાંત, તે કચ્છમાં વિવિધ ખનિજો અને મીઠા ઉદ્યોગો માટે કોરિડોર તરીકે સેવા આપશે. શ્રી ગડકરીએ ઉમેર્યું કે, આ માર્ગને પાકા શોલ્ડર સાથે બે લેનમાં અપગ્રેડ કરવાથી ટ્રાફિકમાં ઘટાડો થશે, માર્ગ સલામતી વધશે અને વાહન સંચાલન ખર્ચમાં ઘટાડો થશે, જેનાથી મુસાફરોનો અનુભવ સારો થશે અને માઇલેજમાં સુધારો થશે.**

**-----------------------------------------------------------------------------------------**

## શિક્ષણ સહાયકોની નિમણૂક

**જિલ્લાની સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં આજે નવા ૨૯૩ શિક્ષણ સહાયકોને નિમણૂક પત્ર એનાયત કરવામાં આવ્યા હતા.**

શિક્ષણ વિભાગ દ્વારા શિક્ષણ સહાયક ભરતી પ્રક્રિયા અંતર્ગત મેરિટના આધારે શાળા પસંદગીની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ભુજની ઓલ્ફ્રેડ હાઈસ્કૂલ ખાતે નિમણૂક હુકમ આપવાના યોજાયેલા આ કાર્યક્રમમાં શિક્ષણ સહાયકોને સાંસદ વિનોદ ચાવડા સહિતના પદાધિકારીઓ-અધિકારીઓએ શુભેચ્છાઓ પાઠવી હતી સાથે જ નિમણૂક પામનાર શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ થશે તેવી લાગણી વ્યક્ત કરાઈ હતી.

હવે બીજા તબક્કામાં આગામી ૮ મી જુલાઈએ જિલ્લાની ગ્રાન્ટેડ શાળાઓમાં નિમણૂક મેળવનાર ૭૪ જેટલા શિક્ષણ સહાયકોને નિમણૂક પત્ર અપાશે.

------------------------------------------------------------------------------------------

## મહિલા હેન્ડબોલ ચેમ્પિયનશિપ

ભુજમાં રમાયેલી **54**મી સિનિયર મહિલા હેન્ડબોલ રાષ્ટ્રીય સ્પર્ધાની ફાઈનલમાં પંજાબ વિજેતા બન્યું છે જ્યારે ગુજરાતની ટીમ રનર્સઅપ થઈ છે. અગાઉ, લીગ રાઉન્ડ અને નોકઆઉટ હરીફાઈ બાદ આજે સ્પર્ધાની ફાઈનલ પંજાબ અને ગુજરાતની ટીમો વચ્ચે રમાઈ હતી. ભુજની આર.ડી. વરસાણી વિદ્યાસંકૂલના વિશાળ મેદાનમાં રસાકસી ભર્યા ફાઈનલ જંગમાં ગુજરાતને હાર આપી પંજાબની ટીમે ખિતાબ જીત્યો હતો. ફાઈનલ બાદ વિજેતા અને રનર્સઅપ ટીમ, તેમજ  સ્પર્ધામાં નોંધપાત્ર દેખાવ કરનાર ખેલાડીઓને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, કચ્છમાં પ્રથમવાર મહિલાઓ માટે યોજાયેલ આ રાષ્ટ્રીય કક્ષાની હેન્ડબોલ સ્પર્ધામાં ૨૮ જેટલી ટીમોએ ભાગ લીધો હતો. જેમાં દેશભરમાંથી આવેલ હેન્ડબોલના પ્રતિભાશાળી ખેલાડીઓએ કચ્છમાં પોતાની પ્રતિભાને ઝળકાવી હતી. આ ટૂર્નામેન્ટના આયોજન થકી કચ્છમાં હેન્ડબોલની રમતને ખુબ પ્રોત્સાહન મળ્યું છે તેવો સુર પુરસ્કાર વિતરણ કાર્યક્રમમાં અગ્રણીઓએ વ્યક્ત કર્યો હતો.

------------------------------------------------------------------------------------------

## પોલીસ માટે અશ્વની ખરીદી

ગુજરાત માઉન્ટેડ પોલીસ પોલીસ દળ માટે નવા અશ્વની ખરીદી કરવા આવતીકાલે ભુજમાં પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે કેમ્પ યોજાશે. કચ્છના જે અશ્વ પાલકો પોતાના અશ્વો પોલીસને વેચાણ કરવા ઈચ્છતા હોય તેઓને પોતાના વાહનમાં સવારે ૮ વાગ્યા સુધી પોલીસ હેડક્વાર્ટર ખાતે હાજર રહેવા જણાવાયું છે. દરેક પોલીસ સ્ટેશનોને પોતાના વિસ્તારમાં આ બાબતે જાણવા કરવા માટે પણ જણાવવામાં આવ્યું છે.

---------------------------------------------------------------------------------

## ઓનલાઇન છેતરપીંડી

જિલ્લામાં ઓનલાઈન નાણાકીય છેતરપીંડીના બનાવો વધી રહ્યા છે ત્યારે પૂર્વ કચ્છ સાયબર ક્રાઈમ પોલીસે જૂન મહિનામાં આ અંગે કાર્યવાહી કરીને અરજદારોના ૧૪ લાખ ૯૬ હજાર જેટલી રકમ તેમના બેંક ખાતામાં અપાવી છે. પૂર્વ કચ્છ સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા ૧૯૩૦ હેલ્પલાઈન નંબર પર આવેલ અરજીઓની તપાસ કરીને અરજદારોના નાણા પરત મેળવવા માટે રાજ્ય તથા રાજ્ય બહારની અલગ અલગ બેન્કોમાં જાણ કરી છેતરપિંડીમાં ગયેલાં નાણાં ફ્રીઝ કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી. કોઈપણ વ્યક્તિ ઓનલાઈન ઠગાઈનો ભોગ બને તો હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

---------------------------------------------------------------------------------

## માધાપર ખાતે અકસ્માત

ભુજ નજીક માધાપર ખાતે આજે ગોંડલ-ભુજ રૂટની એસટી બસ અને એક્ટિવા વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ગાંધીધામના 25 વર્ષીય યુવાનનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું.

મળતી વિગતો મુજબ, એકટીવા પર જઈ રહેલા આ યુવાનને પાછળથી પૂરપાટ ઝડપે આવતી એસટી બસે હડફેટે લીધો હતો. બસ સ્પીડ બ્રેકર પરથી ઝડપભેર પસાર થઈને એક્ટિવા પર ચડી ગઈ હતી.

અકસ્માતમાં યુવકને માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી અને સારવાર મળે તે પહેલાં જ તેનું મૃત્યુ થયું હતું. માધાપર પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

---------------------------------------------------------------------------------------

## ભચાઉ હાઇવે

ભચાઉ હાઈવે સર્વિસ રોડ ઉપર વરસાદના કારણે મોટા મોટા ખાડાઓ પાડી ગયા છે જેના લીધે વાહન ચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે તેમ જાણવા મળ્યું છે. વરસાદી પાણી ભરેલ હોવાથી વાહન ચાલકોને ખાડાઓ દેખતા નથી જેના લીધે આ ખાડાઓમાં ગાડીઓ ફસાઈ જતી હોવાની ફરિયાદ ઉઠી છે.

ગાડીઓ પલટી ખાઈ જતા ડ્રાઇવરોને નાની મોટી ઈજાઓ પણ થાય છે. જેથી, હાઈવે ઉપર તાત્કાલિક ખાડાઓ પુરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

---------------------------------------------------------------------------------------

## ક્રિકેટ

બર્મિંઘમમાં ઍન્ડરસન-તેંડુલકર ક્રિકેટ શ્રેણીની ઇંગ્લૅન્ડ સામેની બીજી ટૅસ્ટ મૅચમાં ભારતે પ્રથમ દાવમાં મજબુત શરૂઆત કરી છે. આજે બીજા દિવસે ભારતે ૬ વિકેટે ૪૨૨ રન બનાવ્યા છે. સુકાની શુબમન ગિલ ૧૭૦ રન સાથે રમતમાં છે. પાંચ મૅચની શ્રેણીમાં ઇંગ્લૅન્ડ એક-શૂન્યથી આગળ છે.

---------------------------------------------------------------------------------------

## વરસાદ

જિલ્લાના છુટાછવાયા વિસ્તારોમાં ઝરમર કે ઝાપટા સ્વરૂપે વરસાદની હાજરી જોવા મળી હતી. આજે ગાંધીધામમાં ૭ મીલીમીટર, જયારે ભચાઉ અને અંજારમાં ૪-૪ મીલીમીટર વરસાદ વરસ્યો હોવાની જાણકારી જિલ્લા કંટ્રોલ રૂપ પાસેથી મળી છે.

---------------------------------------------------------------------------------------